# નવું સહકાર મંત્રાલય : બેંકિંગ, ડેરી વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જશે

કેન્દ્ર સરકારે આઝાદીના ૭૫ વર્ષ પછી સહકાર ક્ષેત્ર માટે અલગ જ વિભાગ-મંત્રાલય કરવાનો નિર્ણય ગ્રામીણ વિસ્તારની શિકલ બદલી નાખશે. સૌથી વધુ પ્રભાવ ધરાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ કામગીરી બાહોશ રાજકારણી અને સહકારી ક્ષેત્રના સોળે સોપારા ભણેલા અમિત શાહને તેની બાગડોર સોંપી છે. કાબેલિયત ધરાવતા નેતાને આ જવાબદારી સોંપવા પાછળનો મુખ્ય ઉદેશ તો સમગ્ર દેશની સહકારી બેંકો માટે એક જ કાયદો લાવવાનો ઈરાદો છે. અર્બન કોઓપરેટીવ બેંક માટે પણ એક દેશ એક જ કાયદો લાગુ કરવાનું ધ્યેય છે. સહકારી ક્ષેત્રના સાહસિકોને સ્ટાર્ટ અપ અને ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સની બધી જ સવલતો મળે તેવી વ્યવસ્થા કરવાની નેમ છે. નવી સહકારી નીતિ તૈયાર કરી તેનો અમલ કરાવવાનું લક્ષ્યાંક છે. તેથી જ અમદાવાદ જિલ્લા સહકારી બેંકનું સંચાલક મંડળ તેમના પૂર્વ ચેરમેન અમિત શાહની નિમણૂકથી ગૌરવાન્વિત થયાની લાગણી અનુભવે છે. આ માટે પ્રધાનમંત્રીનો આભાર પણ માને છે. કેન્દ્ર સરકારના આ ઐતિહાસિક પગલાંથી અલગ વહીવટી, કાનૂની અને નીતિવિષયક માળખું તૈયાર થશે. તેનાથી સહકારી ચળવળ વધુ મજબૂત બનશે. મલ્ટી સ્ટેટ કોઓપરેટીવ બેંકનો વિકાસ પણ વેગ પકડશે.

આમ તો વિના સહકાર, નહિ ઉદ્ધારના સૂત્ર સાથે આજથી ૧૧૬ વર્ષ પહેલા ૧૯૦૪ના અરસામાં સહકારી પ્રવૃત્તિનો પ્રારંભ થયો હતો. દૂધની ડેરી, ખાંડ મિલો અને બેંકિંગ તથા માર્કેટિંગના સેક્ટરમાં સહકારી ક્ષેત્રે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક સહિત દેશભરમાં કાઠું કાઢ્યું છે. ઈફકો, ક્રિભકો અને અમૂલએ સહકારી ક્ષેત્રની સફળતાના શિખરો છે. સમગ્ર વિશ્વમાં આ સંસ્થાઓનો ડંકો વાગે છે.

સહકારના માધ્યમથી સમૃદ્ધિના પથ પર પદાર્પણ કરશે. સહકારી પ્રવૃત્તિ ગરીબની સમૃદ્ધિના દ્વાર ખોલે છે. આ હકીકતને મુખ્યમંત્રી બન્યા તે પૂર્વેથી નરેન્દ્ર મોદીએ સ્વીકારી છે. મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં પણે તેમણે ગામડાંની નાનામાં નાની વ્યક્તિને ઉપયોગી થવા અને ગ્રામીણ પ્રજાનો ઉદ્ધાર કરવા તેમણે સહકારી ક્ષેત્રને પ્રાધાન્ય આપ્યું જ છે.

સહકાર એ એવું ક્ષેત્ર છે કે જેના થકી ગ્રામીણ વિસ્તારના લોકોની સમૃદ્ધિ વધશે અને તેઓ શહેર તરફનું સ્થળાંતર ઘટી જશે. ભાજપમાં સહકાર સેલની કરવામાં આવેલી રચના તેનો એક બોલતો પુરાવો છે. કેન્દ્રમાં ગયા પછી ૨૦૨૦-૨૧ની સાલના બજેટમા અલગ "સહકાર મંત્રાલય" બનાવવાની જાહેરાત કરીને કૃષિ અને ખેડૂત કલ્યાણના મંત્રાલયથી તેને અલગ કરી સ્વતંત્ર સહકારી વિભાગની સ્થાપના કરી. આ સાથે જ બજેટમાં આપેલું વચન પાળ્યું અને સહકારથી સમૃદ્ધિની દિશામાં જવાના ધ્યેયને સાકાર કરવાની દિશામાં ડગ માંડ્યું છે.

હવે સહકારને લગતા અલગ અલગ કાયદાઓમાં જરૂરી સુધારાઓ કરીને તેમને માટે બિઝનેસના નવા વિકલ્પો ઉભા કરશે. આ બિઝનેસ સરળતાથી થઈ શકે તેવા પ્રયાસ કરશે. આજે પણ કૃષિપેદાશોના મૂલ્યવર્ધન, વેપાર, બેંકિંગ, પશુપાલન, ઔદ્યોગિક અને ટેક્નોલોજીના ક્ષેત્ર સુધી સહકારી પ્રવૃત્તિનું ફલક વિસ્તરી ચૂક્યું છે. આ તમામ પ્રવૃત્તિને વધુ સંગીન ફલક પર લઈ જવામાં આવશે. તેમ જ સહાકરી સંસ્થાઓની મદદથી આ ક્ષેત્રની પ્રવૃત્તિઓને વધુ સુદ્રઢ કરીને રોજગારીના સર્જનના વિઝન સાથે સહકાર વિભાગની સ્થાપના કરવામાં આવી છે.

નવા રચાયેલા ખાતાનો હવાલો સંભાળનાર દૂરંદેશી નેતા અમિત શાહ આર્થિક, રાજકીય અને સામાજિક રીતે સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રને અલગ ઊંચાઈએ બેસાડી દેશે. સહકારથી સમૃદ્ધિ સુધીના સૂત્રને સાકાર કરી બતાવશે. સમુદાય આધારિત વિકાસના નવયુગનો આરંભ કરશે. તેના થકી આત્મનિર્ભર ભારતના સપનાંને સાકાર પણ કરશે.

# એક બજાર-એક દેશ-એક માર્કેટ વેબસાઈટ લોન્ચ કરાઈ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા બેંગ્લોર સ્થિત એક બજાર, એક દેશ, એક માર્કેટની વેબસાઈટનું લોન્ચીંગ આજે ગુજરાતમાં જીસીસીઆઈ અને એસએમઈ ચેમ્બર ઓફ ઈન્ડિયાના પ્રમુખના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

સુબ્રમન્ય ઈન્પોટેક પ્રાઈવેટ લીમીટેડના એમ.ડી. ઉષા નંદાએ આજે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે ીહ્વટ્ઠડ્ઢટ્ઠટ્ઠિ.ષ્ઠદ્બ તમામ પ્રકારના ધંધામાં ખરીદનાર અને વેચનારને જોડતી કંપની છે, દરેક રાજ્યમાં ધંધો કરતા વેપારી પોતાની જ ભાષામાં કે બીજી ભાષાના વ્યક્તિ સામે ભારતભરમાં તથા ૧૭૫ દેશોમાં ૧.૭૫ કરોડથી વધુ ખરીદનાર અને વેચનાર સાથે સરળતાથી પોતાનો વ્યાપાર ઘેર બેઠા બેઠા કરી શકે છે.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે બીજા બજારના પ્લેટફોર્મ પર લેવાતી ફી કરતા અમારી ફી સૌથી ઓછી છે. આ ઉપરાંત અમે કોઈપણ બે વ્યક્તિ વચ્ચેના વેપારમાંથી કોઈપણ કમિશન નથી લેતા. અમારી કંપની ekbazaar.com માં ૨૫ થી પણ વધુ કેટેગરીના વ્યાપારીઓ જોડાયા છે. એકબજાર.કોમમાં પ્રારંભિક ધોરણે સૌને પોષાય અને તેઓને અમારા પ્લેટફોર્મનો મહત્તમ ઉપયોગ મલે તે અંતર્ગત હાલમાં ફ્રી ટ્રાયલ આપવાના છે પછી, ખેડૂતો માટે રૂ. ૧૦૦, કામગરી વર્ગ માટે રૂ. ૧૫૦, અને એસએમઈ માટે રૂ. ૨૫૦ માસિક ફી નું ધોરણ રાખવામાં આવ્યું છે.

# ગાંધીનગરની આશ્કા હોસ્પિટલ વિસ્તરણનાં પંથે

## ટૂંક સમયમાં વધુ હોસ્પિટલ સાથે સમગ્ર ગુજરાતમાં

"આશ્કા હોસ્પિટલ કેપિટલ લાઇટ ગ્રોથ મૉડલનાં ભાગ રૂપે ગુજરાતનાં નાના શહેરોની 20 થી 50 બેડની હોસ્પિટલો સાથે વિલય કરશે અને ગુજરાતનાં નાના શહેરોમાં ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડશે, જેનાંથી દર્દીઓને તેમના ઘર આંગણે જ શ્રેષ્ઠ સારવાર મળી રહેશે."



બિપિનભાઇ શાહ
ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર, આશ્કા હોસ્પિટલ




કોરોના મહામારી દરમિયાન દેશનાં હેલ્થકેર સેક્ટર સામે ઘણા પડકારો ઉભા થયા. ત્યારે હેલ્થકેર ક્ષેત્રે કાર્યરત અનેક કંપનીઓએ હેલ્થકેર સેક્ટરને સુદ્રઢ કરવાની દિશામાં પ્રયત્નો હાથ ધર્યા છે. જેથી લોકોને શ્રેષ્ઠ આરોગ્ય સારવાર મળી રહે. આ હેતુ માટે હેલ્થકેર ક્ષેત્ર કાર્યરત કંપનીઓ આઇપીઓ લાવીને ફંડ એકત્ર કરી રહી છે. ગાંધીનગર સ્થિત આશ્કા હોસ્પિટલ 200 બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ છે જે ઉત્તર ગુજરાતમાં જાણીતું નામ છે, અને ટૂંક સમયમાં એસએમઇ આઇપીઓનાં માધ્યમથી 101 કરોડ રુપિયા એકત્ર કરવાની તૈયારી કરી રહી છે.

આશ્કા હોસ્પિટલનાં ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર બિપિનભાઇ શાહે જણાવ્યુ કે આપણું ગુજરાત શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ આપવા માટે નામના ધરાવે છે. ગુજરાતમાં મોટા શહેરોમાં આરોગ્યની શ્રેષ્ઠ સુવિધાઓ છે. જ્યારે ગુજરાતનાં નાના શહેરોમાં પ્રાથમિક આરોગ્ય સુવિધા સારી છે. પણ ઉચ્ચતમ ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓનો અભાવ છે. અમારું લક્ષ્ય છે કે નાના શહેરોમાં પણ શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ મળી રહે. તાજેતરમાં જ કોરોના મહામારીમાં આપણે જોયુ કે નાના શહેરોમાં ઘણી મુશ્કેલીઓ આવી. ત્યારે સમયની જરૂરીયાત છે કે નાના શહેરોનાં લોકોને શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓનો લાભ મળે.

આશ્કા હોસ્પિટલ તેના કેપિટલ લાઇટ ગ્રોથ મૉડલનાં ભાગ રૂપે ગુજરાતનાં નાના શહેરોની 20 થી 50 બેડની હોસ્પિટલો સાથે વિલય કરશે. જેથી નાના શહેરોમાં શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ મળવાથી દર્દીઓને મોટા શહેરોમાં લાવવા - લઇ જવા સહીત અનેક મુશ્કેલીઓનો અંત આવશે, સાથે જ દર્દીનાં પરિવારજનોને પણ અન્ય ખર્ચાઓમાંથી મુક્તિ મળશે.

નાના શહેરોમાં કાર્યરત ડૉક્ટરો અને હોસ્પિટલો આશ્કા હોસ્પિટલ સાથે જોડાઇને દર્દીઓને શ્રેષ્ઠ સારવાર આપી શકશે. જેમાં ડૉક્ટર્સનું સંપૂર્ણ ધ્યાન માત્ર દર્દીઓની સારવાર પર રહેશે. અને મેનેજમેન્ટની સંપૂર્ણ જવાબદારી આશ્કા હોસ્પિટલનાં અનુભવી મેનેજમેન્ટની રહેશે. જેને કારણે દર્દીઓ પોતાનાં શહેરમાં જ શ્રેષ્ઠ સારવાર મેળવી શકશે. સાથે જ નાના શહેરોનાં ડૉક્ટર્સ મેટ્રો શહેરોની હોસ્પિટલ સાથે જોડાયેલા રહેશે, અને અને અદ્યતન ટેકનોલોજીનો લાભ મેળવી શકશે.

આશ્કા હોસ્પિટલ તેની વિસ્તરણ યોજનાનાં બે વર્ષમાં 20 થી 50 ની બેડની 35 જેટલી હોસ્પિટલો સાથે વિલય કરીને 1,000 બેડ સુધી પહોંચવાનું લક્ષ્યાંક ધરાવે છે. આશ્કા હોસ્પિટલનાં ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર બિપિનભાઇ શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે દેશનાં મોટા અને નાના શહેરો વચ્ચે રહેલી આરોગ્ય સેવાઓની અસમાનતા દૂર કરવા માટે આશ્કા હોસ્પિટલનું કેપિટલ લાઇટ ગ્રોથ મૉડલ પાયોનિયર બની રહેશે. જે ન્યૂ ઇન્ડિયાનાં હેલ્થકેર લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા માટેનું એક માધ્યમ બનશે.

# મહેસાણા - વરેઠા મેમુને કલોલ રેલવે સ્ટેશન ખાતેથી મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલે લીલીઝંડી આપી

ગાંધીનગર, તા. ૧૬

મહેસાણા - વરેઠા ગાંધીનગરથી દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસ્થાન કરાવી હતી. આ ટ્રેન કલોલ રેલવે સ્ટેશન પહોંચી ત્યારબાદ તેને મહેસાણા તરફ આગળ જવા મહેસૂલ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલના હસ્તે લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. કલોલ રેલવે સ્ટેશન ખાતે યોજાયેલ સમારંભમાં જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનસુખાકારી કામોને પ્રાધાન્ય આપ્યું છે. તાજેતરમાં જ દેશના વડાપ્રધાનશ્રીએ વારાણસી ખાતે ૧૫૦૦ કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત એક જ દિવસમાં કર્યું હતું.






તેમણે ઉમેર્યું હતું કે, ગાંધીનગર રેલવે સ્ટેશન દેશના મોડેલ રેલવે સ્ટેશનમાં ગણના થશે. દેશનું આ એક એવું રેલવે સ્ટેશન છે કે જ્યાં ૩૧૮ રુમોની ફાઈવ સ્ટાર હોટલ બનાવવામાં આવી છે. અમદાવાદ - વારાણસીની સાપ્તાહિક ટ્રેન શરૂ કરવામાં આવી છે. જે ટ્રેનને પણ આજે પ્રસ્થાન કરાવવામાં આવી છે. જેથી રેલવેના ટાઈમ ટેબલમાં ગાંધીનગર રેલવે સ્ટેશનનો ઉમેરો થયો છે. દેશના વડાપ્રધાનશ્રીની દીર્ઘદ્રષ્ટિથી ટેકનોલોજીનો ઉપયોગ કરીને લોક સુવિધાવાળા કામોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનથી પ્રસ્થાન થયેલી ટ્રેન કલોલ રેલવે સ્ટેશન આવી હતી. કલોલ રેલવે સ્ટેશનથી માત્ર ૧૦ મિનિટમાં ઉપડેલ ટ્રેનને મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે લીલીઝંડી આપીને મહેસાણા તરફ પ્રસ્થાન કરાવી હતી. આ પ્રસંગે કલોલ પ્રાંત અધિકારી શ્રી એ. ડી. જોષી, કલોલ મામલતદારશ્રી, રેલવેના અધિકારીશ્રીઓ-કર્મચારીઓ અને મુસાફરો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.



નવનર્મિત વડનગર રેલવે સ્ટેશનની મુલાકાતે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આવી પહોંચ્યા હતા. આ પ્રસંગે તેમની સાથે રાજ્ય મંત્રી દર્શનાબેન જરદોષ સાંસદ શારદાબેન પટેલ જોડાયા હતા. તેમજ વડનગરથી શ્રમ રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર, જિલ્લા કલેક્ટર ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા સહિત અધિકારી અને પદાધિકારીઓએ હાજરી આપી હતી.

# વિજયનગરની પોળોમાં મોટાં વાહનો ઉપર પ્રતિબંધ

ચોમાસાના આરંભ સાથે સાબરકાંઠામાં પ્રકૃતિના ઘરેણા સમાન વિજયનગરની જૈન પોળોમાં તાજેતરમાં મોટાં વાહનો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પોળોને પ્રદૂષણ મુક્ત રાખવા માટે લેવાયેલા નિર્ણયમાં તા.૨૩ ઑગષ્ટ સુધી મોટાં વાહનો પોળોના જંગલમાંથી પસાર નહીં થઈ શકે જ્યારે દ્વિ-ચક્રી વાહનો ઉપર કોઈ પાબંધી લગાવવામાં આવી નથી જેથી સહેલાણીઓ દ્વિ-ચક્રી વાહનો ઉપર પ્રકૃતિથી હર્યા ભર્યા જંગલમાં આનંદ માણી રહ્યા છે. ચોમાસાની સીઝનમાં પ્રકૃતિના નજારાને માણવા માટે દૂર દૂરથી પ્રવાસીઓની માંડ શરૂઆત થઈ છે ત્યાં ફોર વ્હીલર વાહનો ઉપર બ્રેક લગાવી શારણેશ્વર થી ગાજીપીરની દરગાહ સુધી મોટાં વાહનો ઉપર પ્રતિબંધ લાદ્યો છે.

જિલ્લામાં વરસાદના આરંભ સાથે વિજયનગરની જૈન પોળોનું સૌંદર્ય પૂરબહારમાં ખીલી ઉઠ્યું છે. હમણાં સુધી કોરોનાની મહામારીના કારણે પ્રવાસીઓ ઉપર વહીવટી તંત્ર દ્વારા રોક લગાવાયા પછી અનલૉકના અમલ દરમ્યાન જૂજ પ્રવાસીઓ પોળોમાં નજરે પડતા હતા પરંતુ વરસાદના આરંભ સાથે હર્યા ભર્યા જંગલ વિસ્તારમાં હમણાંથી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે જેથી કોરોના સંક્રમણ ઉપરાંત પ્રદૂષણના ફેલાવાને ધ્યાનમાં રાખી જિલ્લા તંત્ર દ્વારા મોટા વાહનો ઉપર રોક લગાવવામાં આવી છે. જેમાં શારણેશ્વર મંદિર થી ગાજીપીરની દરગાહ સુધી મોટાં વાહનો સાથે પ્રવાસીઓ જઈ નહીં શકે તેમજ મોટાં વાહનો અભાપુર ફોરેસ્ટ નજીક પાર્ક કરવા માટે ફરમાન કરવામાં આવ્યું છે. તા.૨૩ ઑગષ્ટ સુધી પ્રવાસીઓએ મોટાં વાહનોને લઈ જવા ઉપર તેનો અમલ કરવો પડશે અને તેના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે પોળોના જંગલ વિસ્તારમાં ચોમાસાના આરંભ સાથે પ્રકૃતિએ જાણે કે સોળે શણગાર સજ્યા હોય તે રીતે કામણ પાથર્યું છે. જેથી દૂર દૂરથી પ્રવાસીઓ પોળોના સૌંદર્યને માણવા ઉત્સુક બન્યા છે પરંતુ હવે મોટાં વાહનો સાથે પ્રવેશવા ઉપર બ્રેક લાગી છે.

## દુ:ખદ અવસાન



માલપુરના સ્વ.યોગેશભાઈ ભાટીયા, અશ્વિનભાઈ ભાટીયા (સી.આર.સી. : ઉમરેઠ)ના પિતા અને યોગેશકુમાર નટવરભાઈ ભાટીયા (પ્રા.શિક્ષક : સરસંગ પ્રા. શાળા, તા.શહેરા) (બાયડ)ના સસરા અંબાલાલ શંકરલાલ ભાટીયાનું નિધન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૩ જુલાઈ, શુક્રવારે સવારે ૧૧ થી ૫ તેમના નિવાસસ્થાન ભાટીયા ફળી, માલપુર ખાતે રાખેલ છે.

## કરફ્યુ લંબાવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ હાલ રાજ્યમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણ નિયંત્રણના અન્ય નિયમો અને ગૃહ વિભાગ દ્વારા લાગુ કરાયેલા અન્ય નિયંત્રણો તા.૩૧મી જુલાઈ-૨૦૨૧ સુધી યથાવત રાખવાની પણ સૂચનાઓ આપી હતી.

કોર કમિટીની આ બેઠકમાં મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કેલાસનાથન, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ સહિત વરિષ્ઠ સચિવશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વરસાદ થયો નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૧.૨૦ ટકા વરસાદ જ નોંધાયો છે. તાલુકાવાર જોઈએ તો દહેગામ તાલુકામાં અત્યાર સુધીમાં ૪૯ મી.મી. વરસાદ, ગાંધીનગરમાં ૮૮ મી.મી., કલોલમાં ૧૨૩ મી.મી. અને માણસામાં ૮૩ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સરેરાશ વરસાદ ૭૬૫ મી.મી. થતો હોય છે એની સામે અત્યાર સુધીમાં ૮૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં વરસાદની ઘટ હોવાથી વાવણી કરવા માટેનો ઉત્સાહ પણ ખેડૂતોનો ઘટવા લાગ્યો છે.

દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ.ના કૃષિ હવામાનશાસ્ત્ર દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૧ માં પણ આગામી ૨૧મી જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે.

૧૭મીથી ૨૧મી જુલાઈ સુધીના પાંચ દિવસમાં આકાશ મોટા ભાગે વાદળછાયુ રહેશે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. મહત્તમ તાપમાન ૩૩-૩૬ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવા સંભાવના છે તેમ જણાવાયુ છે.

હવામાં ભેજનું પ્રમાણ ૩૯ થી ૭૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૭ થી ૨૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા પણ આ બુલેટીનમાં દર્શાવવામાં આવી છે.

જિલ્લામાં હજુ વાવણીલાયક વરસાદ ના થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે. જિલ્લામાં વરસાદ ખેંચાતાં ગરમી અને બફારો પણ વધવા પામ્યા છે જેથી લોકો પણ પરેશાની અનુભવી રહ્યા છે.

## લોકર્પણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પીએમે જણાવ્યું હતું કે ગાંધીનગર રેલવે સ્ટેશનને એક મોડેલ બનાવી તેને અન્ય શહેરોમાં લાગુ કરવા પણ સરકાર પ્રયાસ કરી રહી છે. દેશ પાસે આટલું મોટું રેલવે નેટવર્ક છે, આટલા સ્રોત છે અને સુદ્રઢ સેવા આપવાની તેની પાસે રહેલી તકો પણ અમર્યાદિત છે. પીએમે એમ પણ કહ્યું હતું કે ખૂબ જલ્દી શ્રીનગર પણ કન્યાકુમારી સાથે રેલવે માર્ગે જોડાઈ જશે. પીએમે પોતાના બાળપણને યાદ કરતા વડનગર સ્ટેશન સાથે પોતાની અનેક યાદો જોડાયેલી હોવાનું પણ કહ્યું હતું.

પોતાના ભાષણના અંતમાં પીએમે જણાવ્યું હતું કે કોરોનાએ સમગ્ર દેશને અસર કરી છે, અને આપણા ઘણા સાથીઓ તેના ભોગ બન્યા છે. આપણે તેનાથી સાવધાન અને સાવચેત રહેવાની જરુર છે. ગુજરાતમાં ત્રણ કરોડથી વધુ લોકોને રસી આપી દેવાઈ હોવાની વાત પર પણ પીએમે ખુશી વ્યક્ત કરી હતી.

## કૂવો ધસી પડતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અત્યાર સુધીમાં ૪ લોકોના મોત થયા છે, જ્યારે ૧૫-૨૦ લોકો હજુ પણ ફસાયા હોવાની આશંકા છે. દુર્ઘટના થતા જ રાજ્યના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણએ તેની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપી દીધા છે. એનડીઆરએફની ટીમ રાહત અને બચાવના કામમાં લાગેલી છે. મામલાને લઈ પૂર્વ મુખ્યમંત્રી કમલનાથએ પણ ચિંતા વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે, જે સમયે દુર્ઘટના થઈ તે સમયે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ વિદિશા જિલ્લામાં જ હતા. તેમણે તાત્કાલિક એનડીઆર ભોપાલની ટીમો અને અધિકારીઓને ઘટનાસ્થળે રવાના કર્યા.

મુખ્યમંત્રી શિવરાજ સિંહે ચીફ સેક્રેટરી, ડીજીપી અને એસડીઆરએફના ડીજી સાથે પણ વાત કરી. ઘટનાસ્થળ માટે એસડીઆરએફની ટીમ આવશ્યક ઉપકરણો સાથે રવાના થઈ હતી. જિલ્લાના પ્રભારી મંત્રી વિશ્વાસ સારંગ પણ ભોપાલથી વિદિશા પહોંચી ગયા હતા. કમલનાથે ટ્વીટ કર્યું કે, વિદિશા જિલ્લાના ગંજબાસૌદામાં અનેક લોકો કૂવામાં પડવાનો મામલો સામે આવ્યો છે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે દુર્ઘટનાથી પ્રભાવિત તમામ લોકો સુરક્ષિત રહે અને પ્રશાસન તેમને તાત્કાલિક સારવાર પૂરી પાડે. વિદિશામાં ગુરૂવારે જ મુખ્યમંત્રી શિવરાજ સિંહની દત્તક પુત્રીઓના લગ્ન થવાના હતા. મોડી સાંજે ગંજબાસૌદા દુર્ઘટના બાદ શિવરાજ સિંહે દીકરીઓના વિવાહ સ્થળને કન્ટ્રોલ રૂમ બનાવી દીધો.

## ફોટો જર્નાલિસ્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થોડા દિવસો પહેલા પણ દાનિશ હુમલાનો ભોગ બન્યા હતા, જ્યારે તેમના અને સુરક્ષા દળોના વાહન ઉપર ૩ આરપીજી રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. તેમણે ટ્વીટ કરીને પોતાની સલામતી વિશે પણ માહિતી આપી હતી અને તેમના ઉપર જે રોકેટ છોડ્યા હતા તેની તસવીર પણ બતાવી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ